RESEARCH REVIEW JOURNALS
Volume-05
Issue-03
March -2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]

# સૌરાષ્ટ્રના વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના ગ્રામીણ સમુદાયમાં રહેતા લોકોમાં સામાજિક પરિવર્તન

Rashmi Prajapati

*Ph.D. Scholar, Gujarat University, Ahemdabad, Gujarat (India)*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 16 Mar 2020

**Keywords**
*સૌરાષ્ટ્ર, પ્રજાપતિ ,ગ્રામીણ સમુદાય, સામાજિક પરિવર્તન, જ્ઞાતિ*

***Corresponding Author**
*Email: rashmimistri2007[at]gmail.com*

**ABSTRACT**

*સમાજશાસ્ત્ર સમાજના જુદા-જુદા એકમોનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરે છે. આધુનિક વિશ્વમાં વિકસતા દેશો માટે સામાજિક પરિવર્તનને સમજવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા કરાયેલ અભ્યાસનું મહત્વ વધ્યું છે. કોઈપણ સમાજ સ્થિર નથી દરેક સમાજમાં ઓછા-વત્તા પ્રમાણમાં પરિવર્તન આવ્યા જ કરે છે. ભારતીય સમાજની સ્તર રચના જ્ઞાતિ આધારિત જોવા મળે છે. દરેક જ્ઞાતિમાં સમયાંતરે પરિવર્તન આવતું જ રહે છે જેમાં રીત-રિવાજો, લગ્નવિષયક, રહેણી કરણી, વગેરે બાબતોમાં પરિવર્તન આવ્યા જ કરે છે. વર્તમાન સમયમાં અન્ય જ્ઞાતિ કે સમુદાયની અસરના કારણે લોકો પોતાના જ્ઞાતિગત પરંપરાગત રીત-રિવાજોમાં પરિવર્તન સ્વીકારતા થયા છે જેમાં સૌરાષ્ટ્રની વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના લોકો કે જે ગ્રામીણ સમુદાયમાં રહે છે તેઓમાં પરિવર્તન કેવુ અને કેટલુ જોવા મળે છે અને તેના કારણે સાર્વત્રિક રીતે તેઓના જીવનધોરણ અને જીવનશૈલીમાં અસર થઈ છે કે કેમ તે જાણવાનો હેતુ પ્રસ્તુત અભ્યાસમાં રહેલો છે.*

**પ્રસ્તાવના :**

વર્તમાન યુગમાં ભારત જેવા વિકાસશીલ દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં હરણફાળ વધારો થયો છે. તેની અસરથી સમગ્ર દેશનો વિકાસ ઝડપથી થવા લાગ્યો છે. તેને કારણે આજે દરેક સમુદાયમાં પરિવર્તનની પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. વળી મોબાઈલ અને ઈન્ટરનેટના માધ્યમે તો વિશ્વને સાંકડું બનાવ્યું છે. જેની અસરથી આજે કોઈપણ જ્ઞાતિ આ પરિવર્તનથી વંચિત નથી ભલે તે ગ્રામીણ સમુદાયમાં વસતી હોય કે નગર સમુદાયમાં. પરંપરાગત સમયમાં ભારતમાં જ્ઞાતિ તેના કાર્યોના આધારે ઓળખાતી હતી જેમ કે કુંભાર માટીકામ કરે, મોચી જોડા બનાવે, વાણીયા વેપાર કરે. જેઓને જ્ઞાતિ સિવાયના અન્ય વ્યવસાય કરવા પર પ્રતિબંધ હતો. જેનું ચુસ્ત પાલન કરવામાં આવતું હતું. પરંતુ શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને પરિણામે જ્ઞાતિનું સ્વરૂપ બદલાયું. આજે કોઈપણ જ્ઞાતિના લોકો ઉચ્ચ શિક્ષણ મેળવી તેને અનુરૂપ વ્યવસાય કરી શકે છે અને તેના કારણે લોકોનાં જીવનધોરણમાં પણ પરિવર્તન આવ્યું છે. જે આજે ગ્રામીણ સમુદાયના લોકોમાં પણ જોવા મળે છે. વળી વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના પરિણામે ગ્રામીણ સમુદાયના લોકો પણ ભૌતિક સુવિધા ભોગવતા થયા છે. પરંતુ આજે પણ ઉચ્ચ શિક્ષીત લોકો, શહેરી સમુદાયમાં વસવાટ કરતા હોય કે ગ્રામીણ સમુદાયમાં પરંતુ તેઓ પોતાની સામાજિક ઓળખ તો પોતાની જ્ઞાતિ દ્વારા જ આપે છે. કાયદાકીય તે લગ્નવય જરૂર ઊંચી આવી છે પરંતુ આજે પણ જ્ઞાતિમાં જ લગ્ન કરવાનો નિયમ હજુ ટકી રહ્યો છે. સામાજિક રીત-રિવાજની પક્કડ જરૂર ઢીલી થઈ છે. પરંતુ આજે પણ છોકરા છોકરીમાં ભેદભાવ જોવા મળે છે. વળી, ઉપરોક્ત બાબતો ગ્રામીણ સમુદાયમાં વધુ જોવા મળે છે. કારણ કે ગામડાના લોકો પરિવર્તનનો ઝડપથી સ્વીકાર કરતા નથી. આવા જ એક સૌરાષ્ટ્રના મૂળ વતની વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના લોકો કે જે ગ્રામીણ સમુદાયમાં રહે છે. તેઓમાં સામાજિક પરિવર્તન કેટલે અંશે આવેલ છે. તે જાણવા આ સંશોધન કરવામાં આવેલ છે.

**હેતુ, પદ્ધતિ અને સામગ્રી :**

પ્રસ્તુત પેપરનો હેતુ સૌરાષ્ટ્રના વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના ગ્રામીણ સમુદાયમાં રહેલા લોકોમાં આવેલ સામાજિક પરિવર્તન તપાસવાનો છે. ખાસ કરીને કૌટુંબિક, લગ્ન વિષયક, રીત-રિવાજ તેમજ વિજાણુ માધ્યમના ઉપયોગ જેવી જુદી જુદી બાબતોમાં પરિવર્તનનો સ્વીકાર આ જ્ઞાતિના લોકોએ કેટલે અંશે કર્યો છે તે બાબત પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કર્યો છે.

પ્રસ્તુત પેપરમાં લીધેલી માહિતી મુલાકાત અનુસૂચિ પ્રયુક્તિ દ્વારા સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તરેડ ગામમાં ક્ષેત્રકાર્ય દ્વારા ત્યાંના વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના કુલ 50 કુટુંબોનો અભ્યાસ કરેલ છે. સાથે સાથે ગૌણ માહિતીનો પણ ઉપયોગ કરેલ છે. જેમાં જે તે પુસ્તકો, ગ્રંથો લેખો અને ઇન્ટરનેટનો આધાર પણ લીધેલ છે.

**અભ્યાસક્ષેત્ર અને વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ વિશે :**

તરેડ ગામ સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આવેલ એક મોટું ગામ છે. જેની કુલ વસ્તી 4,151 લોકોની છે. જેમાં પુરુષનું પ્રમાણ 2,105 અને સ્ત્રીનું પ્રમાણ 2,046 છે. અહીં કુલ 717 ઘર આવેલા છે. (2011ની વસ્તી

RRIJM 2015, All Rights Reserved 

ગણતરી પ્રમાણે) અહીંનો સાક્ષરતા દર 76.19% છે. અહીંનું સંચાલન સરપંચ દ્વારા કરવામાં આવે છે. અહીં વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના આશરે સવાસો ઘર છે. (census2011.co.in)

મૂળ સૌરાષ્ટ્રના વતની એવા વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિને ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો માટીકામ કરનાર કુંભારનો એક વર્ગ પ્રજાપતિના નામે ઓળખાય છે. જેના વાટલિયા, વરીયા, લાડ, ચમરીયા, મારૂ... વગેરે પેટાસમૂહ જોવા મળે છે. જેમાં વાટલિયા પ્રજાપતિની વાત કરીએ તો ઈસુની આઠમી સદીમાં વારાણસીની ગંગા કિનારે એક વરીયા કુંભાર રહેતો હતો. તેનું નામ નરવત તેને ત્યાં મેવાડથી વિદ્યાભ્યાસ અર્થે આવેલા શ્રી વિઠ્ઠલજી દયાળજી વ્હોરા નામના બ્રાહ્મણ બિમારી, બેશુદ્ધિને કારણે વટલાયા. ફળ સ્વરૂપે બ્રાહ્મણોએ તેમને નાત બહાર મૂક્યા. તેથી આ નવયુવક કફોડી સ્થિતિમાં મૂકાયો. અને તેણે બ્રાહ્મણ જગત સાથે કાયમનો છેડો ફાડી નરવત વરીયાની પુત્રી સોનબાઈ સાથે લગ્ન કર્યા. વિઠ્ઠલજી અને સોનબાઈના ક્રાંતિકારી પગલાથી એક નૂતન પેટાજ્ઞાતિનું સર્જન થયું અને તેમનો જ વંશવેલો આગળ વધ્યો. તે વાટલિયા પ્રજાપતિ કહેવાયા. વિઠ્ઠલજી કે સોનબાઈનો સ્વીકાર બ્રાહ્મણોએ ન કર્યો અને વરીયા પ્રજાપતિએ પણ ન કર્યો. આમ બંને તરફથી તરછોડાયા બાદ તેઓ વાટલિયા પ્રજાપતિ કહેવાયા.

### વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિમાં આવેલ સામાજિક પરિવર્તન :

સામાજિક પરિવર્તન એ દરેક સમાજની એક સહજ પ્રક્રિયા છે. તેથી જ સમાજના કોઈપણ યથાર્થ અભ્યાસમાં સમાજશાસ્ત્રીઓ સામાજિક પરિવર્તનને સમજવા પર ભાર મૂકે છે. પ્રસ્તુત અભ્યાસ સૌરાષ્ટ્રના વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિમાં ગ્રામીણ સમુદાયમાં રહેતા કુટુંબોમાં સામાજિક પરિવર્તન કેટલું જોવા મળે છે તે અંગેનો છે. જેમાં તરેડ ગામમાં જઈને કુલ 50 કુટુંબોનો અભ્યાસ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

### લગ્નના ખ્યાલોમાં પરિવર્તન :

સામાન્ય રીતે શિક્ષણ અને કાનુની જોગવાઈના કારણે આજે લગ્નવય ઊંચી થવા લાગી છે. મારા ઉત્તરદાતાને લગ્નવય વિશે પ્રશ્ન પૂછતા 18 થી 21 વર્ષની લગ્ન વયને યોગ્ય માનનારાનું પ્રમાણ 54% છે. 22 થી 25 વર્ષની લગ્નવયને યોગ્ય માનનારનું પ્રમાણ 34% છે. જ્યારે માત્ર 12% ઉત્તરદાતા 25 થી વધુ વયની લગ્નની ઉંમરને યોગ્ય ગણાવે છે. આમ, લગભગ અડધા ઉત્તરદાતા લગ્નવય 18 થી 21 હોવી જોઈએ તેવું માને છે.

તેઓને આંતરજ્ઞાતિય લગ્ન વિશે પૂછ્યું તો તેમાંથી માત્ર 8% ઉત્તરદાતા જ આંતરજ્ઞાતિય લગ્ન માટેની સહમતિ દર્શાવી અને તેમાંથી માત્ર 4% કુટુંબમાં આવા લગ્ન થયેલ છે. આમ, અહીં જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર માત્ર જ્ઞાતિ પૂરતું જ મર્યાદિત છે તેમ કહી શકાય. તેઓને તેમના પુત્ર કે પુત્રીના જીવનસાથીની પસંદગીમાં ઘરમાં કોની સંમતિ કે નિર્ણય લેવાય છે તે અંગે પૂછતા 48%ના ઘરમાં પુત્ર કે પુત્રીનાં જીવનસાથીની પસંદગી માટે માતા-પિતા જ નિર્ણય લે છે. જ્યારે 16% કુટુંબમાં આવા નિર્ણયો વડિલો લે છે. 32% કુટુંબમાં આવા નિર્ણય લેવા માટે સંતાનની પોતાની સંમતિ લેવામાં આવે છે. માત્ર 4% લોકો અન્ય સગાસંબંધીને પૂછે છે. આમ અહીં સંતાનની પોતાની પસંદગી કરતા માતા-પિતાની પસંદગીને વધુ ભાર મૂકવામાં આવે છે.

આજે દરેક જ્ઞાતિમાં જ્ઞાતિગત સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. જેમાં ઓછા ખર્ચે લગ્ન કરાવી આપવામાં આવે છે. મારા ઉત્તરદાતાના કુટુંબમાં આવા સમૂહલગ્નમાં લગ્ન કરનારનું પ્રમાણ માત્ર 32% જ જોવા મળ્યું. આમ લગ્નોત્સવમાં આ લોકો ખર્ચને ધ્યાનમાં ન રાખતા હોય તેવું તારવી શકાય.

પરંપરાગત સમયમાં વિધવા થવું એક કલંક માનવામાં આવતું. વિધવાને અપશુકનિયાળ ગણવામાં આવતી. તેની પાસે સારા કાર્યો કરાવવામાં આવતા નહિ. વળી તેને સારા વસ્ત્રો, સારા અલંકારો કે મોજશોખ કરવાની છૂટ ન હતી. વળી તેના પુનઃલગ્ન કરવા પર પ્રતિબંધ પણ જોવા મળતો હતો. મારા ઉત્તરદાતાને આ અંગે પૂછતા તેઓ જણાવે છે કે જો નાની ઉંમરમાં સ્ત્રી વિધવા થાય તો જરૂરથી તેના બીજા લગ્ન કરાવવા જોઈએ. જેથી કરીને તેને આખી જીંદગી વૈધવ્યમાં વિતાવવી ન પડે. પરંતુ વિધવા સાથે લગ્ન કરવાની સંમતિ દર્શાવનાર ઉત્તરદાતાનું પ્રમાણ 14% જ મળ્યું. અહીં વિચારોમાં ભલે પરિવર્તન આવ્યું છે પરંતુ તેને અનુસરવાની વાત આવે તો આજે પણ લોકો તેને સ્વીકારતા નથી. વળી વિધવા સ્ત્રીને આ જ્ઞાતિમાં કેવા બંધનો છે તેની માહિતી તપાસતા 72% ઉત્તરદાતા માને છે કે વિધવા સ્ત્રીને રંગીન કપડા પહેરવાની છૂટ હોવી જોઈએ. અને 68% ઉત્તરદાતા માને છે કે વિધવા સ્ત્રીએ દરેક જાતના અલંકાર ધારણ કરવા જોઈએ. જ્યારે 76% માને છે કે વિધવા સ્ત્રીએ દરેક સારા પ્રસંગે હાજરી આપવી કે દરેક ધાર્મિક વિધિમાં ભાગ લેવો જોઈએ. પરંતુ કન્યાદાન કરવા બાબતે માત્ર 18% ઉત્તરદાતાએ સહમતી દર્શાવી છે. આમ, એક રીતે જોઈએ તો આ બાબતે ઘણે અંશે પરિવર્તન આવેલ જોવા મળે છે.

### મિલ્કતનો અધિકાર આપવા બાબત :

પરંપરાગત માન્યતા મુજબ પુત્ર જ પિતાનો વારસદાર ગણવામાં આવે છે. પુત્ર દ્વારા જ પિતાનો વંશવેલો આગળ વધે છે તેથી પિતાની દરેક મિલ્કતનો અધિકાર કે વારસો જેતે પરિવારના પુત્રોને જ પ્રાપ્ત થાય છે. જ્યારે આજે કાયદા પ્રમાણે પિતાની મિલ્કતમાં માત્ર પુત્ર જ નહિ પરંતુ પુત્રી કે બહેનને પણ સરખો ભાગ મળવો જોઈએ. મારા ઉત્તરદાતાના આ અંગેના

વિચારો જાણતા, 68% ઉત્તરદાતા એવું માને છે કે પિતાની મિલ્કતમાં માત્ર પુત્રનો જ અધિકાર છે. જ્યારે 32% લોકો પોતાની મિલ્કતમાંથી થોડો ઘણો હિસ્સો પરણિત બહેન કે પુત્રીને આપવા સંમતિ દર્શાવે છે. પરંતુ પોતાની પત્ની કે પુત્રવધુના પિતાની મિલ્કતમાંથી ભાગ લેવાની ઈચ્છા ધરાવનાર ઉત્તરદાતા માત્ર 12% જોવા મળ્યા અને આ પ્રકારનો હિસ્સો પોતાની પત્ની કે પુત્રવધુના પિતા તરફથી મળેલ ઉત્તરદાતાનું પ્રમાણ 8% જોવા મળ્યું. આમ આજે પણ બહેન કે દિકરીને પિતાની મિલ્કતમાં અધિકાર અહીં ઓછો જોવા મળ્યો. જ્યારે વિધવા સ્ત્રીને તેના પતિની મિલ્કતમાંથી ભાગ મળવો જોઈએ કે નહિ તે અંગે પૂછતા 100% ઉત્તરદાતાએ તે અંગે સહમતિ દર્શાવી છે.

**રહેણીકરણીમાં પરિવર્તન :**

દરેક જ્ઞાતિમાં ઘરમાં પત્ની કે પુત્રવધુને ઘણી બધી બાબતોમાં પ્રતિબંધ જોવા મળે છે જેમ કે વડિલોની સામે બોલવાની મનાઈ, જેઠ કે સસરાની લાજ કાઢવી અથવા તેની સામે માથે ઓઢવું, અમુક પ્રકારના વસ્ત્રો ન પહેરવા જેમ કે જીન્સ-ટીશર્ટ, વેસ્ટર્ન પહેરવેશ એટલે કે સ્કર્ટ, શોર્ટસ વગેરે. ઘણા ઘરમાં તો પંજાબી ડ્રેસ પહેરવાની પણ છૂટ નથી હોતી. મારા ઉત્તરદાતાને આ અંગે પૂછતા 92% ઉત્તરદાતાના ઘરમાં સાડી પહેરવાનો રિવાજ જોવા મળ્યો અને માત્ર 8% કુટુંબમાં પંજાબી ડ્રેસ પહેરવાની છૂટ જોવા મળી એ પણ ઘરમાં નહિ પણ બહાર ફરવા જાય ત્યારે જ. વળી જીન્સ-ટીશર્ટ કે વેસ્ટર્ન પહેરવાના તેઓ વિરોધી જોવા મળ્યા. તેઓના મતે ઘરની વહુ ઘરની આબરૂ કહેવાય. તેણે તો મર્યાદામાં જ રહેવું જોઈએ જેમાં 82% ઉત્તરદાતાના ઘરમાં આજે પણ વડિલોની લાજ કાઢવાનો રિવાજ છે. જ્યારે 18% ના ઘરે વડિલો સામે માથે ઓઢવાનું ફરજિયાત જોવા મળ્યું. જે લોકો બહાર પંજાબી ડ્રેસ પહેરવાની છૂટ આપે છે તેમાં પણ દુપટ્ટા દ્વારા માથે ઓઢવું ફરજિયાત જોવા મળ્યું. આમ, આ દૃષ્ટિએ તેઓએ પરિવર્તનનો અસ્વિકાર કર્યો છે તેમ કહી શકાય. વળી ઘરકામમાં સ્ત્રીઓને પુરુષ સભ્યોની મદદ મળે છે કે કેમ તે તપાસતા મને તેનું પ્રમાણ પણ ખૂબ ઓછું જોવા મળ્યું. તેઓના કહે છે કે 'ઘરકામ તો બાયુ જ કરે ને.' (અહીં બાયુ એટલે ઘરની સ્ત્રી) વળી કોઈપણ ઘરમાં કામવાળી બાઈ કે રસોઈવાળી બાઈ જોવા મળતી જ નથી. આમ, આ દૃષ્ટિએ પણ અહીં સ્ત્રીની સ્થિતિ નિમ્ન જોવા મળી.

**વિજાણુ મધ્યમનો ઉપયોગ :**

વર્તમાન સમયમાં મોબાઈલ સામાન્યમાં સામાન્ય વર્ગની વ્યક્તિ પાસે જોવા મળે છે. વળી ઈન્ટરનેટ વાપરતો વર્ગનું પ્રમાણ પણ ઘણું જ વધ્યું છે. જેમાં ગ્રામીણ સમુદાય પણ પાછળ નથી. મારા ઉત્તરદાતામાં આનું પ્રમાણ જોતા 72% ઘરોમાં ઘરના પુરુષો પાસે પોતાનો સ્માર્ટ ફોન હતો. પરંતુ સ્ત્રીઓ પાસે પોતાનો મોબાઈલ ન હતો. તેઓના ઘરમાં એક ફોન વધારાનો જોવા મળ્યો તે પણ સાદો મોબાઈલ. આમ, પુરુષો પોતાના શોખ માટે મોબાઈલ વાપરતા થયા છે. વળી તેઓ તેમાં વોટ્સએપ અને ફેસબુક પણ વાપરે છે. તેઓ પોતાના પ્રશ્નો હોય તો ગુગલમાં સર્ચ કરે છે કે નહિ તે પૂછતા માત્ર 20% જ કરે છે તેવું જોવા મળ્યું. અને તેઓ ઓનલાઈન શોપીંગ કરે છે કે નહિ તે પૂછતા પણ 18% એ તે અંગે સહમતી દર્શાવી છે.

**સંશોધનના તારણો અને ઉપસંહાર :**

- મારા ઉત્તરદાતાના કુટુંબમાં દિકરા-દિકરીની લગ્નવય બહુ ઊંચી આવી નથી.
- તેઓમાં આંતરજ્ઞાતિય લગ્નનું પ્રમાણ પણ ખૂબ ઓછું જોવા મળ્યું.
- પાત્ર પસંદગીમાં પણ માતા-પિતા અને વડિલની સંમતિને વધુ મહત્વ અપાય છે. 32%

કુટુંબમાં સંતાનની પોતાની સંમતિ લેવામાં આવે છે.

- આ જ્ઞાતિમાં વિધવા વિવાહ કરવામાં લોકો સંમત છે. વિધવાને રંગીન કપડા પહેરવા,

અલંકાર ધારણ કરવા, ધાર્મિક કે સામાજિક કાર્યો કરવા વગેરેમાં છૂટ અપાય છે. સાથે મૃતપતિની મિલ્કતમાં પણ તેને ભાગીદાર ગણવામાં આવે છે.

- પરણિત બહેન કે પુત્રીને પિતાની મિલ્કતના અધિકાર આપવા બાબતે તેઓમાં ઉદાસીનતા

જોવા મળી.

- તેઓના ઘરમાં સ્ત્રીનું સ્થાન નિમ્ન જોવા મળ્યું. સાડી પહેરવી, વડીલોની લાજ કાઢવી, માથે

ઓઢવું જેવી મર્યાદાનું પાલન કરવું જ જોઈએ તેવા વિચારો આ જ્ઞાતિના પુરુષો ધરાવે છે.

- વિજાણુ માધ્યમના ઉપયોગમાં પુરુષ વર્ગ વધુ જોવા મળ્યો. પરંતુ સ્ત્રીઓમાં તેનું પ્રમાણ

ખૂબ જ ઓછું જોવા મળ્યું.

આમ, આ જ્ઞાતિના લોકોમાં પરંપરાગત સમય કરતા આજે પરિવર્તન ચોક્કસ જોવા મળે છે. પરંતુ હજુ પણ જ્ઞાતિના બંધનો, રૂઢિઓ, પરંપરા, જૂના રિવાજોની પક્કડ જોવા મળી. અહિ દિકરા દિકરીમાં ભેદભાવ જોવા મળ્યો નહિ. પરંતુ સ્ત્રીના સ્થાનમાં બહુ બદલાવ જોવા મળતો નથી. ગુજરાતના ગામડાઓ કરતા સૌરાષ્ટ્રના ગામડાઓમાં હજુ પરિવર્તન ઓછું જોવા મળે છે તેવું તારવી શકાય.

RRIJM 2015, All Rights Reserved

**સંદર્ભ સૂચિ :**


1. સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ (1959) : સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ-3, સચિવ સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ
2. પ્રદિપકુમાર બોઝ, અનુવાદક ગૌરાંગ જાની (1983) : ગુજરાતના કુંભારો, સેન્ટર ફોર સોસ્યલ સ્ટડીઝ, સુરત.
3. નથુરામ એમ. બારોટ (2007) : શ્રી વાટલિયા પ્રજાપતિ ચોર્યાસી શાખનો બાગ, જ્યોતિ પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ.
4. http://villageinfo.in/gujarat/bhavnagar/mahuva/tared.html-IndianVillage Directory
5. http://www.census2011.co.in